

# સરદારધામ

Date: 30-04-2025

## સરદારધામ હોસ્ટેલમાં પ્રવેશ મેળવવા ઇચ્છતી સમાજની નોકરી કરતી (વર્કિંગ વુમન) દીકરીઓ માટે

- ❖ સમસ્ત પાટીદાર સમાજની અર્ધ સરકારી/સરકારી/કોર્પોરેટ કે પ્રાઈવેટ ક્ષેત્રમાં નોકરી કરતી હોય તેવી દીકરીઓ અરજી કરી શકે છે.
- ❖ હોસ્ટેલ પ્રવેશ માટેના **ઓનલાઈન ફોર્મ તા.1-5-25 થી તા.15-5-25 સુધી જ ઓપન રાખવામાં આવશે.**
- ❖ હોસ્ટેલમાં પ્રવેશ મેળવનાર વર્કિંગ વુમનની **વાર્ષિક ફી રૂ. 60,000** રહેશે. જેમાં 50% (રૂ. 30,000) ફી અને રૂ. 10,000 ડીપોઝીટ પ્રવેશ વખતે ભરવાના રહેશે તેમજ બાકીની 50% (રૂ. 30,000) ફી પ્રથમ છ માસ પૂર્ણ થયાના બે દિવસ અગાઉ ભરવાની રહેશે.
- ❖ અરજી ફોર્મમાં ખોટી વિગત કે માહિતી ભરનાર વર્કિંગ વુમનને હોસ્ટેલમાં પ્રવેશ આપવામાં આવશે નહીં.
- ❖ હોસ્ટેલ વ્યવસ્થા **અંદાજીત 1 જૂન આસપાસ** શરૂ કરવામાં આવશે. જેની ખાસ નોંધ લેવી. વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે.
- ❖ પસંદગી પામેલ વર્કિંગ વુમનને **તારીખ 17-05-૨૦25** પછી SMS / Whatsapp અથવા કોલ દ્વારા સૂચના આપવામાં આવશે.
- ❖ આપને જાણ કર્યા બાદ 7 દિવસમાં સરદારધામ એડમિન ઓફિસની રૂબરૂ મુલાકાત લઈને ડોક્યુમેન્ટસ વેરીફીકેશન કરાવીને સીટ રીઝર્વ કરવા માટે રૂ. 10,000/- ફી ભરવાની રહેશે. જે રકમ પ્રવેશ વખતે આપની ડીપોઝીટ ખાતે જમા લેવામાં આવશે.
- ❖ 7 દિવસમાં એડમિશન નહીં લીધું હોય અથવા તે બાબતે કોઈ જાણ નહી કરી હોય તેવા સંજોગોમાં તેવી દીકરીઓની અરજી રદ ગણવામાં આવશે. ફરીવાર તેમની અરજી ધ્યાને લેવામાં આવશે નહીં.
- ❖ હોસ્ટેલના નિયમો વાંચ્યા બાદ જ ફોર્મ ભરવું. ફક્ત 2 વર્ષ માટે જ પ્રવેશ આપવામાં આવશે.
- ❖ વર્કિંગ વુમન પ્રવેશ માટે સાથે લાવવા માટેના ડોક્યુમેન્ટસનું લિસ્ટ નીચે મુજબ છે. તમામ ડોક્યુમેન્ટસની ઓરીજીનલ અને ઝેરોક્ષ કોપી સાથે લાવવી.
  - ધોરણ-10 અને 12 ની માર્કશીટ / સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ / આધાર કાર્ડ
  - કોલેજ ની બધી માર્કશીટ / જોઈનિંગ લેટર / છેલ્લી 3 મહિનાની સેલેરી સ્લીપ

(All above document Xerox copy submitted to Sardardham)

**સરદારધામ**

વૈષ્ણોદેવી સર્કલ, એસ.પી.રીંગ રોડ, અમદાવાદ-૩૮૨૪૨૧

Mo.: +91 7575001596 / 1548 / 1428   Email: hostel@sardardham.org



# સરદારધામ


મધ્યસ્થ કાર્યાલય : સરદારધામ, એસ. પી. રીંગ રોડ, વૈષ્ણોદેવી સર્કલ, અમદાવાદ - ૩૮૨૪૨૧
ફોન નં. : ૭૫૭૫૦૦૭૧૮૪, ૭૫૭૫૦૦૮૩૮૬
ઈ-મેઈલ : csc@sardardham.org । વેબસાઈટ : www.sardardham.org



ટ્રસ્ટ રજી. નં. : ઈ/૨૦૯૨૪/અમદાવાદ । GSTIN : 24AAPTS3354N1ZU
FCRA Regd. No. : 041910486/Dated 11-03-2019
80(G) Regd. No. : AAPTS3354N/129/15-16/T-0398/80G(5)/Dated 09-09-2018

Bank Details
A/C Name : Sardardham
Bank Name : The Kalupur Commercial Co-Op. Bank Ltd.
Branch : S. M. Road, Ahmedabad - 380015
A/C No. : 00720103898
IFS Code : KCCBOSMR007


## છાત્રાલય વર્કીંગ વુમન (હોસ્ટેલ) પ્રવેશ નિયમાવલી

1. નોકરી કરતી મહિલાઓ વધુમાં વધુ 32 વર્ષ સુધીની વયમર્યાદા ધરાવતી હોવી જોઇએ.
2. નાઇટ શીફ્ટ કરતી મહિલાઓ તેમજ બાળકો ધરાવતી મહિલાઓ હોસ્ટેલમાં પ્રવેશ લઇ શકશે નહીં, એકલી રહેતી મહિલાઓ જ હોસ્ટેલમાં પ્રવેશ મેળવી શકશે.
3. UPSC-GPSC કે અન્ય સ્પર્ધાત્મક પરીક્ષા આપતાં, ત્યકતા-વિધવા, વિકલાંગ, માતા-પિતા વગરની,પિતા વગરની,નિરાધાર મહિલાઓને પ્રેફરન્સ આપવામાં આવશે.
4. હોસ્ટેલમાં પ્રવેશ મેળવનાર નોકરી કરતી મહિલાની **વાર્ષિક ફી રૂ. 60,000 રહેશે** જેમાં 50% (રૂ.30,000) ફી અને રૂ.10,000 ડીપોઝીટ પ્રવેશ વખતે ભરવાના રહેશે તેમજ બાકીની 50% (રૂ.30,000) ફી પ્રથમ છ માસ પૂર્ણ થયાના બે દિવસ અગાઉ ભરવાની રહેશે.
5. ચારિત્ર્ય ઘડતર, નેતૃત્વ, સમાજભાવના અને યુવાશક્તિના સર્વાંગી વિકાસ તેમજ સ્વાવલંબનની સાથે જીવનની સાચી કેળવણી માટે સરદારધામ દ્વારા આયોજીત જરૂરી પ્રવૃત્તિઓ / મોટીવેશનલ કાર્યક્રમો એવમ્ અન્ય કાર્યક્રમોમાં 80% હાજરી આપવાની રહેશે તેમજ સમયાંતરે કોલેજમાં અભ્યાસ કરતી દીકરીઓને યોગ્ય માર્ગદર્શન આપવાનું રહેશે.
6. પ્રવેશપત્ર સાથેઃ (1) પાસપોર્ટ સાઈઝ ફોટોગ્રાફ-૨ (2) ગ્રેજ્યુએશન અને પોસ્ટ ગ્રેજ્યુએશનની માર્કશીટની અધિકૃત વ્યક્તિની સર્ટિફાઈડ સહી-સિક્કા સાથેની નકલ (3) લીવીંગ સર્ટીફીકેટની નકલ (4) જોબ અપોઇન્મેન્ટ લેટર (5) જોબ આઇ-ડી પ્રુફ કોપી (6) માતા-પિતાના ફોટોગ્રાફ જોડવા. અધૂરી વિગતવાળું પ્રવેશફોર્મ રદ થશે.
7. ભવનમાં નોકરી કરતી મહિલાઓએ પોતાનું આઈ-કાર્ડ રેકટર પાસેથી મેળવી લેવાનું રહેશે. તેમજ ટર્મના અંતે પોતાનું આઈ-કાર્ડ સંસ્થા છોડતી વખતે ફરજિયાત રેક્ટરને જમા કરાવવાનું રહેશે.
8. દરેક નોકરી કરતી મહિલાએ ફાળવેલ રૂમ, બેડ તેમજ ફ્લોર મુજબ જ રહેવાનું રહેશે.
9. નોકરી કરતી મહિલાઓનાં Blood Relation ધરાવતા સગાં-સંબંધીઓ (ઓળખપત્ર ધરાવનાર) ફક્ત રવિવારે સવારે 9.00 થી 12.00 દરમ્યાન જ મુલાકાત ખંડમાં નોકરી કરતી મહિલાઓને મળી શકશે. નોકરી કરતી મહિલાઓના રૂમમાં જવા દેવામાં આવશે નહિ. વાલી નોકરી કરતી મહિલાઓને પૂર્વ મંજૂરી વગર બહાર લઈ જઈ શકશે નહિ. રેકટર ઓફિસમાં વાલી રજીસ્ટ્રરમાં એન્ટ્રી કરી પોતાની ઓળખ આપીને મુલાકાત કરવાની રહેશે.
10. કોઈપણ નોકરી કરતી મહિલાની ચાલચલગત સારી ના હોય અથવા અન્ય નોકરી કરતી મહિલાને કે છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓને નડતરરૂપ કોઈ વર્તન હોય તો ગમે ત્યારે પ્રવેશ રદ કરવામાં આવશે. હૉસ્ટેલ રૂમમાં કોઈપણ બહારની વ્યક્તિ ગેરકાનૂની રહેતા પકડાશે તો તે રૂમમાં રહેતી નોકરી કરતી તમામ મહિલાઓનો સંયુક્ત ગૂનો ગણી તમામનો પ્રત્યેક બનાવદીઠ પ્રવેશ રદ કરવામાં આવશે. બહારની વ્યક્તિને રૂમમાં મળવા બોલાવી શકાશે નહીં.
11. નોકરી કરતી મહિલાએ પોતાના વતનમાં અગર અન્ય સ્થળે જતા અગાઉ તેમજ આવ્યા પછી રેકટરને લેખિત જાણ કરવાની રહેશે. તેમની મંજૂરી મળ્યા પછી જ નોકરી કરતી મહિલા બહાર જઈ શકશે.નોકરીનો સમય પુરે થયે મહિલાએ નિયત સમયમર્યાદામાં હોસ્ટેલમાં પરત આવવાનું રહેશે. હોસ્ટેલમાં પ્રવેશ્યા પછી સક્ષમ અધિકારીની પૂર્વ મંજૂરી વગર બહાર નીકળી શકશે નહીં. સક્ષમ સતાધિકારી દ્વારા રજા માગનાર મહિલાને વાલી / પતિ / પાલકની મંજૂરી મેળવીને જ અનુમતિ આપવામાં આવશે.
12. દરેક રૂમની સફાઇ તથા ટોઇલેટ / બાથરૂમની સફાઈ તેમજ રૂમમાં પીવાના પાણીની વ્યવસ્થા વર્કિંગ વુમને જાતે જ કરવાની રહેશે. પોતાના રૂમની સફાઇની જવાબદારી રૂમમાં રહેતી તમામ વર્કિંગ વુમનની સામુહિક રહેશે. રૂમમાં દરેક વર્કિંગ વુમને પોતાના કપડાં વ્યવસ્થિત ગડી કરીને મુકવાના રહેશે. તેમજ પોતાનો બેડ અને કબાટ વ્યવસ્થિત રાખવાનાં રહેશે.
13. સંસ્થાની રૂમો-લોબી, દીવાલો, જાજરૂ-બાથરૂમ, રસોડું કે અન્ય જગ્યાએ થૂંકવું નહિ. કોઈપણ પ્રકારનું લખાણ લખવું નહિ કે કચરો નાખવો

નહિ. કચરો કચરા ટોપલીમાં જ નાખવો **નિયમ ભંગ કરનારને ૫૦૦/- રૂ. દંડ કરવામાં આવશે.** પાણીનો વપરાશ સંયમથી કરવાનો રહેશે. નક્કી કરેલ સમયમર્યાદામાં જ પાણી આપવામાં આવશે.

14. રૂમમાં રેડિયો, ટીવી,સ્પીકર, ટેપ કે અન્ય ખલેલ પહોંચાડતાં સાધનોનો ઉપયોગ કરવો નહિ અને જો પકડાશે તો **જપ્ત થશે અને રૂ. ૧૦૦૦/- દંડ લેવામાં આવશે** ઉપરાંત ઈલેક્ટ્રિક સાધનો જેવાં કે ઈલેક્ટ્રિક સગડી, ઈસ્ત્રી, હીટર વગેરે સાધનો વાપરી શકાશે નહિ તથા બંધ રૂમમાં ટ્યુબલાઈટ, લેમ્પ,પંખા ચાલુ રાખી શકાશે નહિ.

15. છાત્રાલયના ફર્નિચર, ઈલેક્ટ્રિક ફિટિંગ્સ, લાઈટ, જાજરૂ-બાથરૂમ, કોમન લાઈટ, રસોડાના વાસણો અને સંસ્થાનાં અન્ય સાધનોનો કાળજીપૂર્વક ઉપયોગ કરવાનો રહેશે. જે મહિલા દ્વારા કોઈપણ પ્રકારનું નુકસાન થશે તો તેની પાસેથી નુકસાનની રકમ વસૂલ કરવામાં આવશે, તેમજ રૂમના ફર્નિચરને તેમના સ્થાનેથી ખસેડી શકાશે નહિ. છાત્રાલયની રૂમોની અંદર કોઇપણ પોસ્ટર્સ, ફોટા, છાપાં, ચાર્ટ કે અન્ય લખાણો રૂમના કે સંસ્થાના ફર્નિચર, દીવાલ કે કાચ ઉપર ચોંટાડવા કે લગાડવા નહીં. **આવું કરનારને 200/- રૂ. દંડ કરવામાં આવશે.**

16. નોકરી કરતી મહિલા કોઈપણ પ્રકારના જનઆંદોલન/રાજકીય આંદોલન/ધાર્મિક આંદોલન (ચળવળ)માં ભાગ લઈ શકશે નહીં.

17. પ્રવેશપાત્ર ગણેલ નોકરી કરતી મહિલાઓને પ્રવેશની જાણ કરવામાં આવશે. જાણ કર્યેથી દિન-7 માં પ્રવેશ મેળવી લેવાનો રહેશે. અન્યથા પ્રવેશ પાત્રતા રદ થશે.

18. સંસ્થા છોડતી વખતે અરજી સાથે ડિપોઝિટ ભર્યાની પહોચ જમા કરાવવી ફરજિયાત છે. છાત્રાલય છોડતા પહેલાં રેક્ટરનું રૂમ ક્લિયરન્સ સર્ટિફિકેટ મેળવવું જરૂરી રહેશે.ત્યારબાદ નિર્ધારીત સમય મર્યાદામાં આપના બેંક ખાતામાં ડિપોઝિટ રકમ જમા કરવામાં આવશે.

19. દરેક નોકરી કરતી મહિલાઓએ છાત્રાલયના પરિસરમાં (કેમ્પસમાં) સભ્યતાથી વર્તવું તથા અશિષ્ટ ભાષાનો ઉપયોગ કરવાની સખ્ત મનાઈ છે. જેનાથી ભવિષ્યમાં ઊભા થતાં ઝઘડા ટાળી શકાય છે. તેમજ કામ વગર લોબીમાં આંટા મારવાની કે ઊભા રહેવાની પણ સખ્ત મનાઈ છે.

20. બહારનો નાસ્તો ડાઈનિંગ હોલમાં લાવી શકાશે નહીં. ડાઈનિંગ હોલમાં કિચનની કોઈપણ વસ્તુ (થાળી,વાટકી, ચમચી,પ્યાલો, ડિશ) વગેરે રૂમમાં કે અન્ય જગ્યાએ લઈ જનાર સામે શિસ્ત ભંગના પગલા લેવામાં આવશે.તેમજ **વસ્તુ દીઠ રૂ.૫૦/-દંડ વસુલ કરવામાં આવશે.** રેક્ટરશ્રી પાસેથી દંડની રસીદ લેવાની રહેશે.

21. કુદરતી આફતો, ભુકંપ, આગ તેમજ અન્યથી નોકરી કરતી મહિલાઓની જાનહાની થાય તો તેની જવાબદારી સંસ્થાની રહેતી નથી.

22. સંસ્થામાં રજિસ્ટર કરેલ વાલીના મોબાઈલ નંબર સિવાય કોઈ પણ અન્ય ફોન પર રજા માટેની મંજૂરી મળી શકશે નહી. રજિસ્ટર્ડ મોબાઈલ નંબરમાં ફેરફાર વાલીની મંજુરી વગર થશે નહીં.

23. છાત્રાલયમાં નોકરી કરતી મહિલાએ કિંમતી દાગીના કે અન્ય કિંમતી ચીજવસ્તુ પહેરવા નહીં તેમજ રાખવા નહિ. તેમ છતાં ચોરી થશે તો તે માટે સંસ્થા જવાબદાર રહેશે નહિ. ટુ-વ્હીલર ધરાવનાર નોકરી કરતી મહિલાએ પોતાના વ્હીકલની આર.સી બુક તેમજ ડ્રાઇવિંગ લાઈસન્સની ઝેરોક્ષ ફરજિયાત આપવાની રહેશે.

24. સ્પોર્ટ્સ, જિમ્નેશિયમમાં સવારે 5.00 થી 8.00 તથા બપોરે 3.00 થી 6.45 સુધી જ પ્રવૃત્તિ ચાલશે.

25. સંસ્થાના હોદ્દેદારો કે પદાધિકારીઓ ગમે તે સમયે મહિલાને સાથે રાખીને રૂમ કે સરસામાનની તપાસ કરી શકશે અને તપાસ દરમ્યાન વાંધાજનક અને પ્રતિબંધિત ચીજવસ્તુઓ ધ્યાનમાં આવશે તો તેવી નોકરી કરતી મહિલાઓને દંડને પાત્ર રહેશે.

26. દરેક નોકરી કરતી મહિલાઓને પલંગ, બેડ (પથારી), ઓશીકું (પીલો), રાઈટિંગ ચેર તથા કબાટ આપવામાં આવશે. બેડશીટ તથા પીલો કવર (સેટ-2) અને ચાદર-1 સંસ્થામાંથી ચાર્જથી મળશે. દરેક રૂમમાં સિલિંગ ફેન, ટ્યુબલાઈટ, એક મોટી બાલટી, એક નાની બાલટી, લોન્ડ્રી બેગ, બે ટમ્બલર, એક ડસ્ટબિન આપવામાં આવશે, જેની સાચવણીની જવાબદારી રૂમમાં રહેતી નોકરી કરતી મહિલાઓને સામુહિક રહેશે. દરેક રૂમ વ્યવસ્થિત અને પથારી સુઘડ રાખી સ્વચ્છતાને પ્રાધાન્ય આપવાનું રહેશે. દર 8 દિવસે નોકરી કરતી મહિલાએ સ્વખર્ચે ઓછાડ, પીલો કવર ધોવડાવવાનાં રહેશે અથવા જાતે ધોવાના રહેશે.

27. છાત્રાલયના વહીવટકર્તાઓ, ટ્રસ્ટીશ્રીઓ, સમાજના વડીલો, આગેવાનો, ગૃહમાતા અને અન્ય કર્મચારીઓ સાથે પ્રત્યેક નોકરી કરતી મહિલાઓએ વિનયપૂર્વક વર્તવાનું રહેશે. એમની સાથે અનિષ્ટ વ્યવહાર કે તકરાર કરનાર મહિલાનો પ્રવેશ વાલીશ્રીને જાણ કર્યા વગર જ રદ કરાશે.

28. સંસ્થા તરફથી રસોડાનું સંચાલન કરવામાં આવે છે. જ્યારે સંસ્થાનું રસોડું ચાલુ હશે ત્યારે તમામ મહિલાઓએ સંસ્થાના રસોડામાં જ જમવાનું રહેશે. ભોજનાલયના સઘળા નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. ભોજનનો બગાડ કરવો નહિ. ડિશમાં એંઠવાડ જેવા કે રોટલી, દાળ-ભાત, શાક વગેરે વસ્તુ પડતી મૂકવી નહિ. **આવું કરનારને 500/-રૂ. દંડ કરવામાં આવશે.** છાત્રાલયનો નક્કી કરેલો ભોજન સમય – સવારનો નાસ્તો 6.30 થી 8.00 કલાક સુધી, બપોરનું ભોજન 11.00 થી 1.30 કલાક સુધી, સાંજનું ભોજન 7.00 થી 8.30 કલાક સુધી જ વ્યવસ્થા કરવામાં આવશે. સમય પૂરો થયા બાદ વ્યવસ્થા થશે નહિ. ભોજનનો સમય અનુકૂળ હોય તેમણે જ પ્રવેશ મેળવવો. સંસ્થાના મેનુ મુજબ જ રસોઈ બનશે, અલગથી બનશે નહિ. બપોર માટે ફક્ત એક વ્યક્તિ પુરતું જ ટીફીન લઇ જવા દેવામાં આવશે.

29. નોકરી કરતી મહિલાઓને સૂચિત કરવામાં આવે છે કે આવવા તથા જવા માટે મુખ્ય પ્રવેશદ્વારનો જ ઉપયોગ કરવો ફરજિયાત છે. જો કોઈ દીવાલ કે ઝાંપો કૂદી અન્ય ખોટી રીતે સંસ્થામાં પ્રવેશ કરશે કે બહાર જશે તો તેનું એડમિશન રદ કરવામાં આવશે.

30. નોકરી કરતી મહિલાઓને પાર્ટીમાં જવાની પરવાનગી છાત્રાલયમાંથી મળશે નહિ. કોઈપણ મહિલા બારોબાર સગા-સંબંધી અથવા મિત્રના ઘરે જઈ શકશે નહિ. જશે તો વાલી વિના છાત્રાલયમાં પ્રવેશ મળશે નહિ. સંસ્થામાં બર્થ-ડે પાર્ટી કે અન્ય પાર્ટી ઉજવવા દેવામાં આવશે નહિ. આવી પાર્ટી ઉજવતાં જણાશે તો એડમિશન રદ કરવામાં આવશે.

31. નોકરી કરતી મહિલાઓએ કોઈપણ સંજોગોમાં ક્યાંય પણ હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓનો કામ વગર સંપર્ક કરવાનો રહેશે નહીં.

32. હૉસ્ટેલમાંથી નોકરી કરતી મહિલાને નિમ્ન લિખિત બાબતમાં એડમિશન રદ કરવામાં આવશે.

    1. પોતાની સાથે હાનિકારક હથિયાર રાખશે.
    2. તોડફોડ અને મારપીટની પ્રવૃત્તિ કેમ્પસના અંદર કે બહાર કરશે.
    3. છેતરપીંડીના કેસમાં સામેલગીરી.
    4. ગંજીપા-જુગાર રમવા અથવા અન્ય રમતો.
    5. સંસ્થાની છબીને જાણી જોઈને ખરાબ ચિતરવાનો પ્રયત્ન કરશે.
    6. સંસ્થાના હિત વિરુધ્ધનું વર્તન નોકરી કરતી મહિલા કરે ત્યારે.
    7. સંસ્થાના નિયમોનું ઉલ્લંઘન નોકરી કરતી મહિલા કરે ત્યારે.
    8. નોકરી કરતી મહિલા ઉશ્કેરણીજનક વર્તન કે પ્રવૃતિ કરતી જણાય ત્યારે.
    9. ખોટી માહિતી રજૂ કરી પ્રવેશ મેળવાનું ધ્યાન પર આવે ત્યારે.
    10. ઓનલાઇન માધ્યમથી કોઇપણ ખાદ્ય પદાર્થો મંગાવશે ત્યારે.

33. પૂર્વ મંજૂરી સિવાય રાત્રે 9.00 કલાક પછી છાત્રાલયમાંથી બહાર જવા દેવામાં કે રાત્રે 10.00 કલાક પછી બહારથી છાત્રાલયમાં પ્રવેશવા દેવામાં આવશે નહિ.સંજોગોવશાત નોકરીના સ્થળે વધુ રોકાવાનું થાય તો રેક્ટરને ફરજીયાત જાણ કરવાની રહેશે.અમદાવાદ શહેરમાં સગા-સબંધીના અને અન્ય વ્યક્તિઓના ઘરે કોઈ પ્રસંગ કે કામ માટે રજા આપવામાં આવશે નહીં.

34. છાત્રાલયમાં રહેતી નોકરી કરતી મહિલા કોઈપણ જગ્યાએથી કે રૂમમાંથી કોઈપણ વસ્તુ બિનઅધિકૃત રીતે લઈ જતા પકડાશે તો તાત્કાલિક એડમિશન રદ કરવામાં આવશે. છાત્રાલયની રૂમમાં રહેતી મહિલાઓએ રૂમની અંદર થયેલા નુકસાન સરખે ભાગે વહેંચી લેવાનું રહેશે તેમજ જે તે માળની લોબીમાં નુકસાન થશે તો તે માળ પર રહેતી તમામ નોકરી કરતી મહિલાઓને સરખા હિસ્સે નુકસાન ભોગવવાનું રહેશે.

35. છાત્રાલયમાં દાખલ થનાર નોકરી કરતી મહિલાઓને પોતાની કાયમી બીમારી અંગેની જાણ સંસ્થાને અગાઉથી કરવાની રહેશે. માંદગીના સંજોગોમાં સંભાળ રાખવા માટે અમદાવાદમાં રહેતા બે સગા-સબંધીઓના મોબાઈલ નંબર, સરનામું, ઈ-મેલની વિગતો આપવાની રહેશે. સંજોગોવશાત બીમાર નોકરી કરતી મહિલાઓને તાત્કાલિક સારવાર કરાવવા માટે સંસ્થા કાર્યવાહી કરશે. બીમારીના સંજોગોમાં નોકરી કરતી મહિલાઓને ગૃહમાતાની મંજૂરી મેળવ્યા બાદ ઘરે લઈ જવા દેવામાં આવશે.

36. વર્કિંગ વુમન હોસ્ટેલમાં નોકરી કરતી મહિલાઓને ૨ વર્ષ સુધી હોસ્ટેલમાં રહેવાની સગવડ મળી શકશે અને આ બાબતોનો સંપૂર્ણ અધિકાર સક્ષમ સતાધિકારીનો રહેશે.

**ઉપરોક્ત પૈકી કોઈપણ નિયમનો ભંગ થતાં નોકરી કરતી મહિલાઓનો પ્રવેશ રદ થશે. પ્રવેશ રદ થતાં તમામ ભરેલ રકમો જપ્ત થશે. જેનું કોઈપણ વળતર (રીફંડ) આપવામાં આવશે નહીં. આ અંગેનો વહીવટકર્તાઓનો નિર્ણય આખરી ગણાશે.ચાલુ નિયમમાં વહીવટકર્તાઓને જરૂર જણાય તે પ્રમાણે નિયમોમાં ફેરફાર કરી શકશે તે તમામને બંધનકર્તા રહેશે. તેમજ નિયમો અંગે વહીવટકર્તાઓનો નિર્ણય આખરી ગણાશે.**

**છાત્રાલયમાં રહેવા માટે તેમજ ચુસ્તપાલન માટે બનાવેલા નિયમો સમજી-વાંચ્યા બાદ તેનું ચુસ્તપણે પાલન કરવા માટે મેં અનુમતિ આપીને સહી કરેલ છે તેમજ આ નિયમોની એક કોપી મને મળે છે જેનું હંમેશાં પાલન કરીશ.**

**તારીખ : / / 2025**

**નોકરી કરતી મહિલાની સહી** ______________________ **પિતા/વાલીની સહી** ______________________

| | | |
|---|---|---|
| **ગગજી સુતરિયા**<br>પ્રમુખ સેવક | **ભરતભાઈ બી. પટેલ**<br>મંત્રી, કેમ્પસ ડાયરેક્ટર | **ટી. જી. ઝાલાવાડિયા**<br>માનદમંત્રી એવમ્ ચેરમેન<br>સિવિલ સર્વિસ સેન્ટર |